RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૪૨૫ તા.૨૨–૧૧–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી રામદાસ ભીખાભાઈ ચૌધરી
સામાવાળાઃ– એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછા ઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રામદાસ ભીખાભાઈ ચૌધરીની તા. ૨૧–૧૦–૧૧ની અરજીથી મહારાણા પ્રતાપનગર ઝુંપડપટ્ટીનું આપના તરફથી જે સમયે સર્વે કરવામાં આવેલ હોય અને આપના તરફથી સર્વે દરમ્યાન શરતચૂકથી જે લોકો રહી ગયેલા હોય તેમજ આપના ઝોનમાં રહી ગયેલાઓને આવાસ મેળવવા માટે કેટલી અરજી આવેલ હોય તેઓનાં તમામ નામો – સંખ્યા સહિતી વિગતવાર માહિતી આપવા બાબતે મુદ્દા નં.(૧) થી (૪)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૨–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૪૨૫/૨૦૧૧–૧૨

શ્રી રામદાસ ભીખાભાઈ ચૌધરીની તા. ૨૧–૧૦–૧૧ની અરજીથી મહારાણા પ્રતાપનગર ઝુંપડપટ્ટીનું આપના તરફથી જે સમયે સર્વે કરવામાં આવેલ હોય અને આપના તરફથી સર્વે દરમ્યાન શરતચૂકથી જે લોકો રહી ગયેલા હોય તેમજ આપના ઝોનમાં રહી ગયેલાઓને આવાસ મેળવવા માટે કેટલી અરજી આવેલ હોય તેઓનાં તમામ નામો–સંખ્યા સહિતી વિગતવાર માહિતી આપવા બાબતે મુદ્દા નં.(૧) થી (૪)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૨–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા બાબત હેઠળની માહિતી અંગે દફતરી વિગતો નકલ સહ મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૧૯૫ તા.૩–૧૨–૧૧ થી એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછા ઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ધ્વારા કોઈ પુરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૨૧–૧૦–૧૧ ની અરજીથી બાબત હેઠળની માહિતિ માંગતી અરજી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા.૨૨–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જેમાં અરજદારની અરજીમાં મુદ્દા નં.૧ વરાછાઝોનની હદમાં આવેલ મુંબઈ માર્કેટ પાસે આવેલ મહારાણા પ્રતાપનગર ઝુંપડપટ્ટી જે સર્વે કરવામાં આવેલા અને જે તમામનં એચ.આઈ. નંબર આપીને તેઓને આવાસ ફાળવણી કરી દેવામાં આપના તરફથી કંપ્લીટ કરી દેવામાં આવેલ છે તેવું જાણવા મળેલ છે.મુદ્દા નં.૨ મહારાણા પ્રતાપનગર ઝુંપડપટ્ટીનું જે સર્વે કરાતા સમયે આપના ધ્વારા શરતચુકથી રહેતા હોય તેવા વંચીત ત્યાંના સ્થળ પર રહેતા હોય અને તેમની પાસે નિયમોનુસાર પુરાવા હોય તેવા જે વંચિત રહી ગયેલાને આપના તરફથી આવાસ મેળવવા માટે કેટલા અરજદારોને આપની કચેરી અરજી કરેલ હોય તેવા તમામ જે વંચીત રહી ગયેલા અરજદારોને કઈ તારીખે આપની ઝોન કચેરી અરજી કરવામાં આવેલ છે અને તેની તારીખ આપની અને તમામ અરજદારોની નામોવાળી લીસ્ટ અને સંખ્યા સ્પષ્ટપણે આપવા વિનંતી. મુદ્દા નં.૩ મહારાણા પ્રતાપનગર ઝુંપડપટ્ટીના જે વંચિત રહેલા જે ઝુંપડાવાળાઓને તેમની આપેલ અરજી સાથે કયા પુરાવા રજુ કરવામાં આવેલા છે તેવા તમામની પુરાવાઓ સહિતની માહિતી આપવા અને આ અંગે આ સાચા અને ખરેખર બેઘર થયેલા પરીવારોને આપના તરફથી આજદિન સુધીમાં તેવા દલિત પછાત વર્ગના બેઘરો ને આપના તરફથી કયા કારણે તેમને આવાસ ફાળવણી માટે વંચિત રાખવામાં આવેલ છે તે અંગે સ્પષ્ટતા કરીને વિગતવાર સંપૂર્ણ માહિતી પુરી પાડવી. મુદ્દા નં.૪ મહારાણા પ્રતાપનગર ઝુંપડપટ્ટીના જે વરાછાઝોનમાં શહેરી ગરીબ આવાસ યોજના હેઠળ જે તેઓની માંગણી કરવામાં આવી હોય તો તે અંગે આપના તરફથી કોઈ કાર્યવાહી કરવામાં આવી હોય તેની વિગતવાર માહિતી અને જે આપના વરાછાઝોન તરફથી આપેલ જે તેઓની તમામ નામો મોકલવામાં આવેલ હોય તો તે કઈ તારીખ એપેલેટને આ તમામની તે અંગેની ફાઈલ મોકલવામાં આવી છે તે સાથે કયા પુરાવા રજુ કર્યા છે તે વિગત આપવી. મુદ્દા નં.૫ મહારાણા પ્રતાપનગર ઝુંપડપટ્ટીના જે તારીખઃ૨૧–૪–૧૧ નાં રોજે જે વરાછાઝોન ખાતે તમામની વિગતવાર પુરાવા સાથે અરજી આપવામાં આવેલ છે તે અંગે પણ આપના તરફથી આ અરજી અંગેની પણ તેવા બેઘર પરીવારોને ન્યાય નહીં મળતા તેવા લોકો હતાશ છે અને તેઓને તાકીદે આપ સાહેબ ન્યાય અપાવશો તેવી મને ખાત્રી છે અને આ યોજના શહેરની ગરીબ જનતા માટે છે તોનો લાભ બેઘર પરીવારોને આપના તરફથી મળવો જોઈએ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પત્યુત્તર પાઠવેલ હોવાનું જણાતુ નથી. કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

અરજદારને મુદ્દા નં.૧ માં માત્ર વિગત જણાવી વિધાન કરેલ છે. જયારે મુદ્દા નં.૫ માં કાર્યવાહી હાથ ધરવાની અપેક્ષા રાખેલ છે આમ મુદ્દા નં. ૧ અને ૫ થી કોઈ માહિતી માંગેલ જણાતી નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૨૧–૧૦–૧૧ ની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૨ થી ૪ ની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પાડવામાં આવેલ ન હોઈ આરટીઆઈ એકટની કલમ ૭(૬) હેઠળ વિના મુલ્યે અરજદારને અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પુરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન .....જાણ તથા અમલ માટે
(૨) શ્રી રામદાસ ભીખાભાઈ ચૌધરી,